# એકપણ બાળક પ્રવેશથી વંચિત નહીં રહે : મુખ્યમંત્રી

## લેબર ચાઇલ્ડને શિક્ષણ આપવા નવતર અભિયાન હાથ ધરાશે : સરકારી શાળાના વિદ્યાર્થીઓ પણ હરિફાઇમાં ઉભા રહે તે માટે પ્રયાસ કરાશે : શિક્ષણ માટે ૨૫ હજાર કરોડનુ બજેટ

ગાંધીનગર તા ૨૨

શિક્ષણ ક્ષેત્રે ૨૫ હજાર કરોડનુ સરકાર બજેટ ફાળવે છે. શિક્ષણમાં વાલીઓએ પણ ધ્યાન આપવાની અનિવાર્યતા છે. શિક્ષણની અસર વિકાસ પર સીધી રીતે વર્તાય છે. સરકારી શાળાના વિદ્યાર્થીઓ ખાનગી શાળાની સ્પર્ધામાં ઉભા રહી શકે તે દિશામાં શિક્ષણ સુધારવાના પ્રયાસો થઈ રહયા છે. શ્રમિક પરિવારના બાળકોને શિક્ષણ પુરુ પાડવા માટે પણ નવતર આયોજન કરવામાં આવશે તેમ જણાંવતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઉમેર્યુ હતુ કે શિક્ષણ માટે સરકાર ૨૫ હજાર કરોડનુ બજેટ ફાળવે છે. આગામી વર્ષ ૨૦૨૨ સુધીમાં એકપણ બાળક શિક્ષણથી વંચિત નહીં રહે

● અનુસંધાન પાન-૭ પર





### શહેરી વિસ્તારમાં ધો-૧ અને ૯ માં ૩૬૯૧ વિદ્યાર્થીઓને પ્રવેશ

ગાંધીનગર શહેરી વિસ્તારમાં આજે પ્રવેશોત્સવ અંતર્ગત ધોરણ -૧ માં ૧૧૫૧ કુમાર કન્યાઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. જયારે નવા દાખલ થયેલા ૩ વિદ્યાર્થીઓનો પુન : પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૩ વિકલાંગ વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવામાં આવ્યો હતો. જયારે ધોરણ -૯ માં ૧૫૦૮ કુમાર અને ૧૦૩૭ કન્યાઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. જયારે આ પૈકી ૨ વિકાલગનો પણ સમાવેશ થાય છે.

## હા... સાહેબ !

"અરે બાપ રે..! ખૂબ જ ખતરનાક સ્થિતિના એંધાણ વર્તાય છે..."

"ઓ...હો..., શુ ચિંતાજનક છે..? કહો તો ખબર પડે ને..."

"સમાચાર જોયા કે નહી, દસમા ધોરણના વિદ્યાર્થીએ તેના જ સહઅધ્યાયીને છરીના ઘા મારી ખૂન કરી મૃતદેહને બાથરૂમમાં વગે કરી દીધો અને આ ઘટના પણ સંસ્કારી નગરી વડોદરામાં..."

"ઓહ... ખૂબ જ ખતરનાક કહેવાય. ખૂબ જ ચિંતાજનક કહેવાય. ક્યાંથી લાવ્યા છરી ? એ પણ વિચારવા જેવું છે."

"અરે ભાઈ.... તેના દફતરમાં જ છરા જેવુ તીક્ષ્ણ હથિયાર મળી આવ્યુ. ખબર નથી પડતી ક્યાં પહોંચશે આ સ્થિતિ... સિક્યોરીટીનું શુ... શિક્ષણનું શું અને શિસ્ત અને સંસ્કારનુ તો વિચારવાનું જ ના રહ્યુ ખરૂ ને...?"

"એકદમ સાચી ચિંતા છે તમારી. ઘટનાના મૂળ સુધી જવાની જરૂર છે. આજે એક ઘટના છે, કાલે અનેક થશે... મા સરસ્વતીના મંદિરોમાં ખૂની ખેલ ખેલાશે."

"સાહેબ... આ બધી મોકાંણ જ સોશિયલ મીડિયાથી સર્જાય છે. બધુ બેફામ બનતુ જાય છે. ક્યાંય કોઈની લગામ નથી. જાણે બધુ રામ ભરોસે ચાલે છે..."

"હા... તમને તો જોઈતુ હતુ ને વૈદ્યે કીધુ, તક જ શોધતા હતા પણ મારી મુદ્દાની વાત છે કે આજકાલ ગાળાગાળી, મારા-મારી, હત્યા-આત્મહત્યા જાણે સહજ બનતા જાય છે. કોઈને કશાનો ડર નથી. એમ જ ને...?"

"હા...હા...હા... અરે ભગવાનનોય ક્યાં છે ? હવે તો વ્યક્તિગત જીવનથી લઈ સામુહિક જીવનમાં જવાબદારીના પાઠ ફરીથી ભણવા પડશે અને ભણાવવા પડશે એવુ લાગે છે."

"... પણ તમે માનો છો એટલી ખરાબી નથી. એક સર્વે એમ કહે છે કે ૬૯ ટકા યુવાનો કારકિર્દીને જ અગ્રતા આપે છે. માત્ર એક કલાક જ મોબાઈલનો ઉપયોગ કરે છે, વિગેરે...વિગેરે... વિગેરે..."

"હા...હા... એ પણ સાચુ."

"શુ બધામાં હાએ હા પાડો છો..? થોડો વિચાર તો કરો. આવી એક ઘટના સમાજમાં કેવી દુરોગામી અસરો ઉભી કરશે. જે સારા અને સાચા છે એ પણ વિચલીત નહી થાય એની શુ ખાતરી છે..? ક્યારે... કોણ... શું...?"

"હમ્. ચિંતા તમારી વ્યાજબી છે. પણ હકારાત્મક અભિગમથી થોડુ વિચારીએ તો આવી ઘટનાઓને મહત્વ ન આપવુ જોઈએ, એમ નથી લાગતુ તમને..?"

"હા... હુ તો વર્ષોથી કહુ છુ ભાઈ, આપણે તો ગુન્હાખોરીની ઘટનાઓથી એટલા બધા ઘેરાયેલા છીએ કે હકારાત્મક ઘટનાઓને અન્યાય કરીએ છીએ."

"હાસ્તો... જેના કારણે તમને, મને અને બધાને બધુ બગડી ગયુ છે, બગડી ગયુ છે એમ લાગે છે, પણ વાસ્તવમાં ચિત્ર ઉલ્ટુ છે."

"હેં...હેં... શું છે ચિત્ર..?"

"અરે, તમે જુઓ પોલીસ સ્ટેશનના ચોપડા, આપણા શહેર, ગામ કે મહાનગરોમાં એની કુલ વસ્તીના માત્ર ૨ ટકા નાગરિકો ગુન્હાખોરી સાથે સંકળાયેલા છે, આમ છતાં સવારથી સાંજ સુધી માધ્યમો અને માણસોમાં ગુન્હાખોરી, ગુન્હાખોરી અને ગુન્હાખોરી...!"

● અનુસંધાન પાન-૭ પર

## સાંજ ઢળતા જ મોસમમાં નાટયાત્મક પલ્ટો : વાદળિયા વાતાવરણથી ઠંડક

ગાંધીનગર તા ૨૨

શહેરમાં ગરમીના પારાની ચઢઉતર વચ્ચે વાતાવરણમાં વારંવાર બદલાવ જોવા મળે છે. બે દિવસ અગાઉ ગરમીનો પારો ઉંચે ચઢતા નગરજનોએ ચામડીના દાહ અનુભવતા હીટવેવનો સામનો કરવો પડયો હતો. જયારે આજે મહત્તમ તાપમાન ૪૦.૨ ડી ગ્રી રહયુ હતુ. દિવસ દરમિયાન આકાશમાં વાદળોની અવરજવર જોવા મળી હતી. જો કે સાંજ ઢળતા જ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી નઝારો સર્જાયો હતો. પરંતુ મોડી સાંજ સુધી વરસાદ વરસ્યો ન હતો.

### ગરમીનો પારો હજુ પણ ૪૦ ડિગ્રીને પાર દિવસ દરમિયાન ઉકળાટ યથાવત

શહેરમાં ગરમીના પારાની ચઢ ઉતર વચ્ચે વરસાદ પણ ખેંચાતા હજુ ઉનાળાએ વિદાય લીધી ન હોવાનો અહેસાસ નગરજનો કરી રહયા છે. ગરમીનો પારો ક્યારેક વધુ ઉપર જતા નગરજનોએ આકરા ઉનાળા જેવી ગરમી વેઠવી પડે છે. જો કે હજુ મહત્તમ તાપમાન ૪૦ ડી ગ્રીને પાર રહેતા ગરમીનુ જોર ઓછુ થયુ નથી. જયારે દિવસ દરમિયાન આકરા ઉકળાટ અને બાફ વચ્ચે જનજીવન વરસાદની વાટે છે. ત્યારે ગરમીનુ પ્રમાણ પણ વધી રહયુ છે. ગઈકાલે ગરમીનો પારો ૪૦.૬ ડી ગ્રી રહયો હતો. જયારે આજે મહત્તમ તાપમાન રહયુ હતુ. જો કે દિવસ દરમિયાન આકાશી નઝારો અલગ જોવા મળ્યો હતો. આકાશમાં ડોકીયુ કરી વિખેરાઈ જતા વાદળો સાંજ ઢળતા જ ઘેરાઈ આવ્યા હતા. જયારે સાંજના સમયે વાદળિયુ વાતાવરણ સર્જાયુ હતુ. જો કે વાદળો પલમાં ઘેરાઈ વિખેરાઈ જતા વરસાદની આશ આજે પણ ઠગારી નિવડી હતી. વાતાવરણમાં વધતી ગરમીના લીધે રોજબરોજ વરસાદી વાદળોનો આકાશમાં આવરો જાવરો વરસાદની આશ જગાવે છે.પરંતુ મેઘમહેર ન થતા ખેડુતોમાં ચિંતા પ્રવર્તી છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૪૦.૨ ડિગ્રી રહયુ હતુ.

## મુખ્યમંત્રી તેમના પ્રવેશોત્સવ પર્વના પ્રવચનમાં કહેવા ઘણુ માગતા હતા પરંતુ દ્વિધાભરી સ્થિતિ અનુભવતા જણાયા...

**સમયસર** - પ્રકાશ જહા

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આજે શહેરી પ્રવેશોત્સવ પર્વને લઈ ઘણુ કહેવા માગતા હતા પરંતુ તેઓ તેની અભિવ્યક્તી કરવામાં સાવ નિષ્ફળ રહ્યા એવુ કહેવુ એના કરતાં તેમણે વિષયોને અધૂરા છોડી દઈ અને દ્વિધાયુક્ત પ્રવચન સંપન્ન કર્યુ હતુ.

તેમણે તેમના પ્રવચનમાં સામાજિક વંચિતોને શિક્ષણ સાથે સાંકળી વિકાસની વાતનો એકડો ઘૂંટવાનો પ્રયાસ કર્યો હતો. તો તેમણે તેમના પ્રવચનમાં ડ્રોપઆઉટ '૦' ટકાએ લઈ જઈ અને ૨૦૨૨ સુધીમાં ૧૦૦ ટકા બાળકોના નામાંકનની વાત કરતાં કહ્યુ કે શહેર કે ગામડામાં બાળક શેરીઓમાં રખડે નહિ અને શાળા માટે અભિરૂચિ કેળવે તેવી વાત કરી.

મુખ્યમંત્રીએ શાળાના વાતાવરણનો ઉલ્લેખ કરી જણાવ્યુ કે સરકારી અને અનુદાન મેળવતી શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણ મળે તે માટેના ઉપાયો પર પણ સરકાર વિચારણા કરી રહી છે.

તેમણે તેમના પ્રવચનમાં સામાજિક ઉત્તરદાયિત્વની વાત કરી છગનભા, માણેકકાકા, દાસકાકા ને યાદ કર્યા અને 'કર ભલા તો હોગા ભલા'ની વાત કરી તેને પણ અધુરી છોડી હતી. મુખ્યમંત્રીએ વાલીઓને ટપારતાં રોજ શાળાએથી છુટી બાળક ઘરે આવે તે સમયે વાલી ૧૫ મિનિટ તેની સાથે શાળાના ભણતર તેમજ શુ ભણાવ્યુ, કેટલુ ઘરકામ આવ્યુ જેવા વિષયોને લઈ ચર્ચા કરવા જણાવી વાલીઓને શિક્ષણ માટે જાગૃતતા રાખવા કહ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

હાર્દિક અભિનંદન



શ્રી ચેતનકુમાર સુરેશભાઈ દવે
S.Officer, શહેરી વિકાસ વિભાગ
મો.૮૪૦૧૪ ૨૮૦૩૮
ધી ગુજરાત સચિવાલય એમ્પલોઈઝ ન્યુ ક્રેડીટ સોસાયટીના ડિરેક્ટરો માટેની ચુંટણીમાં વિજયી થવા બદલ અમો ગૌરવ સાથે શુભેચ્છા પાઠવીએ છીએ...
સુરેશભાઈ દવે (પિતાશ્રી - SBI)
રાકેશભાઈ દવે (ભાઈ-LIC Agent)
રમાલક્ષ્મીબેન દવે (પત્ની-BOB)
શિવાની-USA, કાવ્યા (દિકરીઓ)
જયદિપભાઈ બી.જોષી (Rtd.Engr.)
રચનાબેન જે.જોષી
સેક્ટર-૨૨, ગાંધીનગર





પ્રવેશોત્સવ - જીઈબી કોલોની સ્થિત સ્વામી યોગાનંદ વિદ્યાલય ખાતે પ્રવેશોત્સવ ભાવપૂર્વક યોજાયો હતો... ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ.એસ. ડાગુરે ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા... આ પ્રસંગે સ્વામિનારાયણ ગુરુકુળના સ્વામી રામકૃષ્ણ સ્વામી અને અધિકારીઓ તથા શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

વધે આપની નામના
એ જ અમારી શુભકામના...



મંગુબેન પટેલ



ભરતભાઈ પટેલ

જિલ્લા પંચાયતના સાતમા મહિલા પ્રમુખ બનવા માટે તેમજ સતત બીજી ટર્મ ઉપપ્રમુખ પદ શોભાવવા માટે આપને હાર્દિક અભિનંદન....

કનુભાઈ અંબાલાલ ચૌધરી (મહાદેવપુરા)
(પ્રમુખ ગાંધીનગર જિલ્લા કિસાન કોંગ્રેસ)
વિનોદભાઈ હીરાભાઈ પટેલ
(પ્રમુખ, ગાંધીનગરતાલુકા સરપંચ એસોસીએસન અને સરપંચશ્રી ચંદ્રાલા)
ચૌધરી જયંતિભાઈ ભગવાનભાઈ (મહાદેવપુરા)
ચૌધરી જયંતિભાઈ ડાહ્યાભાઈ (મહાદેવપુરા)
ચૌધરી શૈલેષભાઈ હરિભાઈ (લાલો) (મહાદેવપુરા)

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

## જ માર્ગને પહોળો કરવાનુ કોરાણે મુકી વૃક્ષો બચાવવા રજુઆત

ગાંધીનગર તા ૨૨

નગરના જ માર્ગને પહોળો કરવાનુ આયોજન પડતુ મુકવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. જ માર્ગને પહોળો કરવા માટે સેંકડો વૃક્ષોનુ નિકંદન વળે તેવી સ્થિતિ હોવાથી શહેર વસાહત મહામંડળે આ મામલે પુન : વિચારણા હાથ ધરવા માટે રજુઆત કરી છે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ શહેરની રચના થઈ ત્યારથી જ વનવિભાગના સહયોગથી જ માર્ગ પર વૃક્ષોનુ વાવેતર કરવામાં આવ્યુ હતુ. જયારે જયરામભાઈ પટેલ સહકારી સંસ્થાના સહયોગથી શહેર વસાહત મહામંડળ દ્વારા ટ્રી ગાર્ડ મુકીને વનરાજી ઉછેરવાનુ કામ કરવામાં આવ્યુ હતુ. જ-માર્ગ ઉપર આમ પણ વીવીઆઈપીની અવરજવર હોય છે. ત્યારે આ માર્ગને પહોળો કરવાનુ આયોજન યોગ્ય નથી. પરંતુ બોરીજ ગામ પાસે સર્કલ બનાવી વાહન વ્યવ્હારને વધુ સરળ બનાવવાનુ અનિવાર્ય છે. આ મામલે શહેર વસાહત મહામંડળના કીશોર જીકાદરા, સુધીર દેસાઈ, સીતારામ પટેલ, ભરત દિક્ષીત અને સી.પી. સોની સહીતના આગેવાનોએ રજુઆત કરી છે.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. શાર્દુલ રજનીકાન્ત દવે
અમારા દિકરા સ્વ. શાર્દુલ રજનીકાન્ત દવેની ભીમ અગિયારસના પાવન દિને પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ સદ્દગતના દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે અને તેને મોક્ષ મળે એવી પ્રાર્થના...
દવે પરિવાર
અને
વ્યાસ પરિવાર (રાજકોટ)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com